# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૦૯–૦૯–૨૦૦૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં કેન્દ્રીય વસ્ત્રમંત્રીશ્રી દયાનિધી મારનનું સન્માન અને વાર્તાલાપ યોજાયો

સુરતઃ કેન્દ્રના વસ્ત્રમંત્રાલયનો હવાલો સંભાળ્યા બાદ પ્રથમ વખત સુરત પધારેલા માનનિય વસ્ત્રમંત્રીશ્રી દયાનિધી મારનના જાહેર સન્માન તથા વાર્તાલાપનો એક કાર્યક્રમ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે ચેમ્બરના પ્રમુખશ્રી નિલેશ વી. માંડલેવાળાએ માનનિય મંત્રીશ્રીને આવકાર આપ્યો હતો તેમજ સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ હતું કે, કેન્દ્રના માનનીય વસ્ત્રમંત્રી શ્રી દયાનીધી મારન તથા ગુજરાત રાજયના ઉદ્યોગખાતાના પ્રિનિસપલ સેક્રેટરી શ્રી મહેશ્વર સાહુને આવકારતા મને ખૂબ આનંદ થાય છે. તેમણે ચેમ્બરની પ્રવૃત્તિ તથા સુરતના ઔદ્યોગીક વિકાસની રૂપરેખા પણ માનનીય મંત્રીશ્રી સમક્ષ રજુ કરી હતી. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના કેટલાક મહત્વના મુદ્દાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહયુ હતું કે, TFOને અપાતી ૧૫% કેપીટલ સબસીડી વધારીને ૨૦% કરવાની જરૂર છે, TFO ના સ્પેરપાર્ટસ પણ મહત્વના ગણાતા હોવાથી એનો સમાવેશ પ્ણ સબસીડી માટે થવો જોઈએ.ટેનીકલ ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે ભારત અમેરીકા અને ચીનથી પાછળ છે ત્યારે પ્રોત્સાહન આપવા ટેકનીકલ ટેક્ષ્ટાઈલ માટે સરકારે ફંકશનલ ફેબ્રીકસને ફરજિયાત બનાવવું જોઈએ અને ટેકનીકલ ટેક્ષ્ટાઈલની મશીનરીને અપાતી સબસીડી ૧૦%થી વધારીને ૨૦% કરવાની જરૂર છે, ગ્રુપ વર્કશેડ સ્કીમ હેઠળ આવરી લેવાયેલા પાવરલુમમાં શટલલેસ અને ઓટોમેટીક લુમ્સને સમાવાયા છે. જેમાં એમ્બ્રોઈડરી મશીન, ટેક્ષ્ચુરાઈઝીંગ મશીન અને ટી.એફ.ઓ.માં પણ સમાવી લેવા જોઈએ વળી આ

ક્ષેત્ર માટે ઈન્ફ્રાસ્ટ્રકચર પુરૂ પાડવાને પણ મંજુરી અપાવવી જોઈએ. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે કેપીટલ સબસીડીની મર્યાદા જે રૂા. ૧ કરોડ છે તે વધારીને રૂા. ૫ કરોડ કરવાની જરૂર છે. એ રીતે જ વૈશ્વિક મંદીનો સામનો કરી રહેલા આ ઉદ્યોગ માટેની ટેક્ષ્ટાઈલ મશીનરી ઉપર જે ૮.૨૪% ની ડયુટી લગાડવામાં આવી છે તે વિશે પણ ફેર વિચારણા કરવાની જરૂર છે. એન્ટી ડમ્પીંગ ડયુટી નાબુદ કરવાની જરૂર છે. કેમ કે, સુરત ખાતેના સિન્થેટીક યાર્ન અને એમ્બ્રોઈડરી યાર્નને તેના હેઠળ આવરી લેવાયેલ હોવાથી અહીંના ઉત્પાદકો આંતરાષ્ટ્રીય સ્તરની હરીફાઈમાં ટકી શકતા નથી. સુરત ખાતે સ્થપાયેલા એપેરલ પાર્કને SEZ હેઠળ આવરી લેવાયુ હોવાથી કેટલીક મુશ્કેલીઓ SEZ માં યુનિટ ધરાવનારાઓને નડી રહી છે. જો તેને ડી–નોટીફાઈડ કરવામાં આવે તો એપેરલ પાર્કના યુનિટોની સમસ્યા ઓછી થઈ શકે. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને નડી રહેલી વર્કીંગ કેપીટલની સમસ્યાની રજુઆત પણ તેમણે કરી હતી. તેમણે ઉદ્યોગ–૨૦૧૦ ના આયોજનમાં સહકાર આપવાની દર્શાવેલી કેન્દ્ર સરકારની તૈયારીને આવકારી એ બદલ ટેક્ષ્ટાઈલ મંત્રાલયનો આભાર માન્યો હતો.

ચેમ્બરના ભૂ.પૂ.પ્રમુખ શ્રી અશોકભાઈ શાહે માનનીય મંત્રીશ્રીને એનાયત થનાર સન્માનપત્રનું વાંચન કર્યુ હતુ, ત્યારબાદ ચેમ્બરના પ્રમુખશ્રી નિલેશ વી. માંડલેવાળાએ માનનીય મંત્રીશ્રીને સન્માન પત્ર એનાયત કર્યુ હતું.

ચેમ્બરના ભૂ.પૂ.પ્રમુખ તથા ફિઆસ્વીના ચેરમેનશ્રી અરૂણભાઈ જરીવાળાએ પ્રાસંગીક ઉદબોધનમાં જણાવ્યુ હતું કે, સુરતમાં ટેક્ષ્ટાઈલ ઉદ્યોગનો વિકાસ એટલે જ શકય બન્યો છે કારણ કે અહીંના ઉદ્યોગકારો સાહસપુર્વક આગળ વધે છે. તેમણે પોતાના વકતવ્યમાં સુરતના મેનમેડ ફાઈબર ક્ષેત્રની જાણકારી આપતા કહયુ હતુ કે, દેશમાં થતા કુલ ઉત્પાદનના ૬૧% જેટલુ ઉત્પાદન સુરતમાં થતું હતું જે વર્ષ ૨૦૦૮–૦૯માં ઘટીને ૫૦% સુધી આવી ગયું છે જેના અનેક કારણો છે. મેનમેઈડ ફાઈબરમાં ચીન વૈશ્વિક ઉત્પાદનમાં ૬૫%નો હિસ્સો ધરાવે છે જયારે ભારત માત્ર ૧૦%નો હિસ્સો ધરાવે છે, જો ભારતનો ઘરેલુ વપરાશ નિયંત્રણમા રખાય અને નિકાસ વધારવામાં આવે તો જ ભારત ચીન સાથે સ્પર્ધામાં ટકી શકશે જેને માટે ભારતે ટેકનીકલ ટેક્ષ્ટાઈલ અને મેન મેઈડ ફાઈબરને પ્રોત્સાહન આપવુ પડશે. TUF અંતર્ગત અપાતા લાભોમાં ઉત્પાદન ખર્ચને ઘ્યાનમાં રાખવો જરૂરી છે આ અંગે ટેક્ષ્ટાઈલ પોલીસી વિષે વિગતવાર સૂચનો કર્યા છે. વસ્ત્રમંત્રાલયની HRD ડેવલપમેન્ટ પોલીસીમાં આ ક્ષેત્રનો સમાવેશ થવો જોઈએ.

ચેમ્બર દ્વારા કરવામાં આવેલા સન્માનનો પ્રતિભાવ આપતા માનનીય મંત્રીશ્રી દયાનિધિ મારણે કહયુ હતુ કે, સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગથી માહિતગાર થયો તે અગાઉ મને માત્ર કોટન ઈન્ડસ્ટ્રી વિશે જ જાણકારી હતી, અહીં આવ્યા બાદ મેનમેઈડ ફાઈબર વિશે અને એ ક્ષેત્રમાં સુરતે હાંસલ કરેલી સિદ્ધિથી હું ઘણો પ્રભાવિત થયો છું, સુરતના ઉદ્યોગ સાહસિકોએ જ શહેરને ટેક્ષ્ટાઈલ સીટીનું બિરુદ

અપાવ્યુ છે જે બિરદાવવા લાયક છે. તેમણે વૈશ્વિક મંદીની અસર જયારે તમામ દેશોમાં જોવા મળે છે ત્યારે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને મંદીનો ભોગ બનેલા ડાયમંડ ઉદ્યોગના કામદારોને સમાવી લીધા હતા. આ રીતે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગે એક નવી મિશાલ કાયમ કરી છે. તેમણે કહયું હતુ કે ટેક્ષ્ટાઈલ ક્ષેત્ર ઘણુ સંકુલ છે તેમાં અનેક પ્રકારો છે, અનેક પાસા છે એટલે એના વિષેની પોલીસી નકકી કરવામાં સરકારને પણ મુશ્કેલી પડે છે. મેનમેડ ફાયબર, વેલ્યુએડીશન, કોટન જેવા ક્ષેત્રોની માંગણીઓ વિચારણા હેઠળ લેવાશે. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના વિકાસમાં એક્ષ્પોર્ટનું મહત્વ છે પરતુ વૈશ્વિક મંદીના માહોલમાં પણ ભારતનો આ ઉદ્યોગ એટલા માટેજ ટકી રહયો છે કે આપણે ત્યાં ઘરેલુ બજાર મજબુત છે. ચીન માત્ર એક્ષ્પોર્ટને મહત્વ આપે છે જયારે ભારતમાં એક્ષ્પોર્ટ ઉપરાંત ઘરેલુ બજારને પણ મહત્વ આપે છે. સરકાર માટે કૃષી બાદ ટેક્ષ્ટાઈલજ મહત્વનુ ક્ષેત્ર છે અને બજેટમાં આ ક્ષેત્ર માટે ફાળવણી પણ કરવામાં આવી છે. ટેક્ષ્ટાઈલની પાર્કની યોજનામાં ગુજરાતને મહત્વ અપાયુ છે, તેને અપાયેલ ૭ ટેક્ષ્ટાઈલ પાર્ક પૈકી ૪ સુરતને મળેલ છે.  તેમણે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ સંબંધી પ્રશ્નો સાંભળી તે વિશે યોગ્ય કરવાની તૈયારી બતાવી હતી અને સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ માટે જરૂરી તમામ પગલાં લેવાની ખાતરી આપી હતી. સુરતની મુલાકાત યાદગાર  રહેશે એમ જણાવતા તેમણે ચેમ્બરનો આભાર માન્યો હતો.

પ્રશ્નોત્તરી દરમિયાન ચેમ્બરના ભૂ.પૂ.પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાળાએ TUF યોજના વિશે સ્પષ્ટતા માંગતો પ્રશ્ન પુછયો હતો જયારે ભૂ.પૂ.પ્રમુખશ્રી ભરતભાઈ ગાંધીએ સિલ્ક ઉત્પાદન ક્ષેત્રને ટેક્ષ્ટાઈલ પોલિસીમાં અપાયેલા સ્થાન વિશે પ્રશ્ન પુછયો હતો. ભૂ.પૂ.પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ કાજીવાળાએ એમ્બ્રોઈડરી ક્ષેત્રને નડતી સમસ્યાઓ વિશેનો પ્રશ્ન પુછયો હતો તેમજ જાણીતા ઉદ્યોગપતિ અને ચેમ્બરની મેનેજીંગ કમિટિના સભ્ય શ્રી વલ્લભભાઈ ઠુમ્મરે ટેક્ષ્ટાઈલ મશીનરી વિશેનો પ્રશ્ન પુછયો હતો.

માનનીય મંત્રીશ્રીએ ઉપરોકત પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

આ પ્રસંગે માનનીય મંત્રીશ્રીના વરદહસ્તે સેવન્થ મેગા ઈન્ડસ્ટ્રીયલ એકઝીબિશન 'ઉદ્યોગ–૨૦૧૦'ની વેબસાઈટ લોન્ચ કરવામાં આવી હતી.

ચેમ્બરના હોદ્દેદારો તથા મેનેજીંગ કમિટિના સભ્યો શહેરના વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓએ માનનીય વસ્ત્ર મંત્રીશ્રીનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્યએ આભારવિધિ આટોપી હતી.